કેસ રજૂ તા. :- ૧૫/૧૦/૨૦૨૨

દાખલ કર્યા તા.: ૧૫/૧૦/૨૦૨૨

હુકમ કર્યા તા.: - ૧૧/૦૪/૨૦૨૩

અવધિ વર્ષ - માસ - દિવસ
૦૦ ૦૫ ૨૭

## ભચાઉ એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, મુ.ભચાઉ.

**ક્રિમીનલ કેસ નં.૧૦૫૩/૨૦૨૨**

આંક :-૧૧/બી

ફરીયાદી :- શ્રી સરકાર

**વિરૂઘ્ધ**

તહોમતદાર :- કલ્પેશ અમુ મણકા,

ઉ.વ.૨૩, ધંધો-મજુરી,

રહે.ચોપડવા, તા.ભચાઉ-કચ્છ.

ગુનો:- **પ્રોહી.એકટની કલમ: ૬૫ (એફ) મુજબ.**

---

ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.આર.સૈયદ

આરોપી પક્ષ તર્ફે વિ.વકીલશ્રી બી.એમ.દાફડા

---

**:: જ જ મે ન્ટ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ ૨૦/૦૦ દરમ્યાન ચોપડવા, તા.ભચાઉ-કચ્છ મુકામે આ કામના આરોપીએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે પોતાના કબજામાં દેશી દારૂ બનાવવાનો આથો લીટર-૪૦૦, કિં.રૂા.૮૦૦/- તથા ભઠ્ઠીના સાધનો કિં.રૂા.૧૦૦/- એમ કુલે રૂા.૯૦૦/- નો પ્રોહી મુદદામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ, ગુન્હો કર્યાની હકીકતે આરોપી વિરુઘ્ધ ધી બોમ્બે પ્રોહી. એકટની કલમ: ૬૫ (એફ) મુજબનો ગુનો નોંધી ગુનાનું ચાર્જશીટ ભચાઉ પોલીસ સ્ટેશન તરફથી રજુ કરેલ.

(૨) ચાર્જશીટ દાખલ થયેથી આરોપીને અત્રેની અદાલતમાં હાજર રહેવાનાં સમન્સ કરતા

જે તેઓને બજી જતાં આરોપી હાજર થતાં,પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામા આવેલ છે.આ કેસ અત્રેની કોર્ટમા ચલાવવાની સત્તા છે તે બાબતે બંને પક્ષો વચ્ચે કોઈ તકરાર નથી. વધુમા  નામદાર ગુજરાત હાઈકોર્ટ ક્રિ.મિસ.એપ્લીકેશન નં.૮૮૯૨/૨૦૧૮ જયંતીભાઈ મગનભાઈ ડામોર વિરુધ્ધ ગુજરાત રાજયના ચુકાદામા આ પ્રકારના કેસ મેજીસ્ટ્રેટ કોર્ટને ચલાવવાની સતા છે તેમ ઠરાવેલ છે જેથી અત્રેની કોર્ટ આ કેસને ચલાવાની સતા હોઈ આ કાર્યવાહી આગળ ચલાવામા આવેલ છે. આરોપી સામે આંક-૦૪ થી તહોમતનામુ ફરમાવ્યા બાદ આંક-૦૫ અન્વયે નિવેદન નોંધતા, આરોપીએ તેમની સામેનાં હાલના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**-: મૌખીક પુરાવો :-**

-આંક-૦૬ થી પંચસાહેદ લતીફશા મુકીમશા શેખની જુબાની.

-આંક-૦૮ થી પંચસાહેદ હસમુખભાઈ ગાંગજીભાઈ સુથારની જુબાની.

-આંક-૦૯ થી ત.ક.અ.શ્રી સુરેશભાઈ રામભાઈ પીઠીયાની જુબાની.

**-: દસ્તાવેજી પુરાવો :-**

- આંક-૧૦ થી ફરીયાદ

- આંક-૦૭ થી મુદામાલ રીકવરી પંચનામું

(૪) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદ પક્ષ તર્ફે વધુ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને રજુ કરવા માટે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. ફરીયાદ પક્ષનો પુરાવો નોંધ્યા બાદ ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ અન્વયે તહોમતદારનું વિશેષ નિવેદન નોંધતા તહોમતદારએ તેમના વધારાના નિવેદનમાં ગુનાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને ફરીયાદીએ ખોટી ફરીયાદ આપેલ છે તેવી રજુઆત કરેલ છે અને આ સિવાય અન્ય કોઈ હકીકત જણાવેલ નથી. તહોમતદારએ તર્ફે બચાવમાં

કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો સાંભળી કેસ આખરી નિર્ણય માટે રાખવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :- શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ ૨૦/૦૦ દરમ્યાન ચોપડવા, તા.ભચાઉ-કચ્છ મુકામે આ કામના આરોપીએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે પોતાના કબજામાં દેશી દારૂ બનાવવાનો આથો લીટર-૪૦૦, કિં.રૂા.૮૦૦/- તથા ભઠ્ઠીના સાધનો કિં.રૂા.૧૦૦/- એમ કુલે રૂા.૯૦૦/- નો પ્ર ોહી મુદદામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ, ગુન્હો કર્યાની હકીકતે આરોપી વિરુધ્ધ ધી બોમ્બે પ્રોહી. એકટની કલમ: ૬૫ (એફ) મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.૨ :- શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :- નકારમાં.

મુદ્દા નં.૨ :- આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે પંચસાહેદ લતીફશા મુકીમશા શેખને આંક-૦૬ થી તથા પંચસાહેદ હસમુખભાઈ ગાંગજીભાઈ સુથારને આંક-૦૮ થી સોગંદ પર તપાસવામા આવેલા છે. સદરહુ બંને પંચોએ તેમની જુબાનીમાં માત્ર તૈયાર લખેલા પંચનામામાં સહી કરેલાનુ અન્ય કોઈ બાબત જાણતા ન હોવાનુ જણાવેલ છે અને તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા તેઓએ પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી તેઓની જુબાનીથી આંક-૦૭ વાળું પંચનામુ પુરવાર થતુ નથી.

(૮) આ કામે ફરીયાદપક્ષે આંક-૦૯ થી ત.ક.અ.શ્રી સુરેશભાઈ રામભાઈ પીઠીયાએ સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ તેઓ ભચાઉ પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેઓ તથા તેઓના પો.સ્ટે.ના પો.કો.એ.પી.ઠાકરો તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે કલ્પેશ અમુભાઈ મણકા રહે.ચોપડવાવાળો

ત્રીશુલા કંપની પાછળ નદીના વોકળામાં બાવળની ઝાડીમાં દેશી દારૂની ભઠી ગાળતો હોય બાતમી આધારે સદર જગાએ રેડ કરતા ત્યાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દેશી દારૂ બનાવવાનો આથો લીટર-૪૦૦, કિં.રૂા.૮૦૦/- તથા ભઠ્ઠીના સાધનો મળી આવેલો જે પંચોની હાજરીમાં કબજે કરેલો.આરોપી સ્થાનીકે હાજર મળી આવેલ નહી. આ ગુનાની ફરીયાદ પી.સી.ઠાકોરનાઓએ આપેલી જે ફરીયાદ તેઓને બતાવતા તેમાં પો.કો.એ.પી.ઠાકોરની સહી ઓળખી બતાવતા આંક-૧૦ થી અસલ ફરીયાદ રજુ કરેલ છે. આ ગુનાની તપાસ તેઓને મળતા તેઓએ આ કામે મુદદામાલ એફ.એસ.એલ.માં મોકલી આપેલ. આરોપી સામે પુરતા પુરાવા આધારે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું.

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, આરોપી સ્થળ પરથી મળી આવેલ નહી કે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ મુદદામાલ મળી આવેલ નથી. આ ગુનાની ફરીયાદ તેઓના રૂબરૂની છે અને તપાસ પણ તેઓએ જ કરેલ છે. બનાવવાળી જગાએ લોકો તથા વાહનોની અવરજવર ચાલુ રહે છે. સમગ્ર તપાસ દરમ્યાન આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આ સિવાય આરોપીના અન્ય બચાવની હકીકતને સમર્થન આપેલ નથી.

(૯) ઉપરોકત તપાસવામાં આવેલા સાહેદ પોલીસ સ્ટાફના માણસો છે. ફરીયાદી રેડમાં સાથે ગયેલ છે તેમજ જણાવેલ છે કે, પંચોની હાજરીમાં રેડ કરી મુદ્દામાલ દારૂ કબજે કરેલ.આ કામે આંક-૦૭ ના પંચનામાના પંચોને તપાસવામાં આવેલા, પરંતુ તેઓએ પંચનામાની હકીકતને કે બનાવની હકીકત ને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ પંચોએ જુબાનીમા જણાવેલ છે કે, તેઓની પોલીસે તૈયાર પંચનામામા સહી લીધેલ અને પંચનામા અંગે કોઈ માહીતી નથી. આ પંચસાહેદની જુબાનીથી પંચનામાની કાર્યવાહી તથા ઝડતી અને જપ્તીની કાર્યવાહી પુરવાર થતી નથી. રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામા આવે તો સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હતા તેમ છતા ત.ક.અ. એ કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ નથી. તેઓની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, આરોપી સ્થળ પરથી મળી આવેલ નહી કે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ મુદદામાલ મળી આવેલ નથી. આ ગુનાની ફરીયાદ તેઓના રૂબરૂની છે અને તપાસ પણ તેઓએ જ કરેલ છે. બનાવવાળી જગાએ લોકો

તથા વાહનોની અવરજવર ચાલુ રહે છે. સમગ્ર તપાસ દરમ્યાન આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. ત્યારે આ સંજોગોમા માત્ર રજુ પોલીસ સાહેદોની જુબાનીના આધારે આરોપીને ગુનાની હકીકત સાથે સાંકળવા ન્યાયીક જણાતુ નથી.

આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ સુરેશભાઈ એસ પટેલ જીએચજે ૨૦૧૧ ભાગ ૨૬ પાનાં નં ૧</u>**નો ચુકાદો ધ્યાને લેવામા આવે તો, તેમા નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન– જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરાવાર થઈ શકે નહી. અને નામદાર હાઈકોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકતા ચુકાદાને યથાર્થ ઠેરવેલ. સદર કેસમાં પંચોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી. ખુદ ફરીયાદપક્ષ તે નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી કે કથીત મુદ્દામાલ આરોપીનાં સભાનપણાનાં કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે કે કેમ. આ કામે થયેલ જડતી અને જપ્તી ની પ્રક્રીયા પણ શંકાસ્પદ થયેલ હોવાનુ જણાય છે જેથી તેનો લાભ આરોપીને આપવા પાત્ર થાય છે.

વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં: ૮૫** પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન** ના ચુકાદા માં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતીપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

હાલનાં કેસમાં મુખ્ય મહત્વના પંચસાહેદોએ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી પણ ક્રીમીનલ જયુરીશ્પૃડંશ મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

(૧૦) આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના

ગુન્હામાં સાંકળી તકસીરવાર ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ન્યાયોચિત જણાતું હોઈ, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

૧. આ કામના આરોપીને ધી બોમ્બે પ્રોહી.એકટની કલમ:–૬૫ (એફ) મુજબનાં ગુનામાંથી ક્રિ.પ્રો.કો.ક. ૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ પ્રોહીનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

૩. આરોપી તરફે અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આ હુકમથી ૬(છ) માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧ મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સહી/–

તારીખ :–૧૧/૦૪/૨૦૨૩
ભચાઉ–કચ્છ.

**(શ્રીકાંત શર્મા)**
**GJ-01367**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ભચાઉ–કચ્છ.